**સ્મૃતિ પરિપત્ર :-**

**વિષય: ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓની સુધારા-વધારા સાથેની સિનીયોરીટી યાદી તૈયાર કરવાની થાય છે જે અનુસંધાને આ સાથે સામેલ નિયત્ત નમૂનામાં માહિતી મોકલવા બાબત**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી ધ્વારા **"ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટી એક્ટ-૨૦૨૩" તથા "ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪"**ની અમલવારી કરવા અંગે સૂચનાઓ પ્રસિદ્ધ થયેલ છે જે અનુસંધાને માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, અનુદાનિત તથા સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રી (કાયમી માન્યતા ધરાવતા)ની સિનીયોરીટી યાદી અદ્યતન કરવાની થાય છે.

**"ધી ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ યુનિફોર્મ સ્ટેચ્યુટસ-૨૦૨૪" અંતર્ગત ફેકલ્ટી ડીન, એકેડેમિક કાઉન્સિલ તેમજ અન્ય મહત્વપૂર્ણ કમિટીની રચના કરવાની હોય જેમાં યુનિવર્સિટી ધ્વારા જરૂરિયાત જણાય તે રીતે આચાર્યશ્રી/અધ્યાપકશ્રીની માહિતી મંગાવવામાં આવશે. યુનિવર્સિટી ધ્વારા તા:૧૪/૧૧/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/૧૫૦૬/૨૦૨૪થી આચાર્યશ્રીની માહિતી મંગાવવામાં આવેલ હતી જે અંગે સંલગ્ન તમામ કોલેજો પૈકી ઘણી બધી કોલેજોના આચાર્યશ્રીઓ ધ્વારા માહિતી મોકલવામાં આવેલ નથી. આથી તમામ આચાર્યશ્રીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે જે કોલેજોનાં આચાર્યશ્રીઓએ ઉક્ત પરિપત્ર અનુસંધાને માહિતી મોકલી આપેલ નથી તેમણે તા:૦૨/૧૨/૨૦૨૪ સુધીમાં અદ્યતન માહિતી મોકલી આપવી. માનનીય કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે માહિતી ન મળવાના કિસ્સામાં યુનિવર્સિટી ધ્વારા ઉક્ત પરિપત્ર અનુસંધાને ઉપલબ્ધ થયેલ માહિતીના આધારે જે-તે સત્તામંડળ / કમિટી / ડીન વગેરેની નિયુક્તિ કરવામાં આવશે, જે અંગે કોઈ આચાર્યશ્રી સિનીયોરીટી આધારે ભવિષ્યમાં કોઈ હક-દાવો કે રજૂઆત કરી શકશે નહિ અને આ અંગે સમગ્ર જવાબદારી જે-તે આચાર્યશ્રી તેમજ સંસ્થાના સંચાલકશ્રીની રહેશે. સ્વનિર્ભર સંસ્થાઓના કિસ્સામાં માહિતી ઉપરાંત પગાર સ્લીપ અંગેનાં દસ્તાવેજી આધાર જોડેલ નહિ હોય તેમનો સમાવેશ પણ સિનીયોરીટી યાદીમાં કરવામાં આવશે નહિ.**

**જે સંસ્થાઓએ ઈમેઈલ ધ્વારા માહિતી મોકલી આપેલ છે તેમણે આચાર્યશ્રીના સહી-સિક્કા સાથે હાર્ડકોપી મોકલી આપેલ નથી જેથી ખરાઈ કરી શકાતી નથી જેથી સત્વરે આચાર્યશ્રીના સહી/સિક્કા સાથેની હાર્ડકોપી મોકલી આપવા જણાવવામાં આવે છે.**

અદ્યતન સિનીયોરીટી યાદી તૈયાર કરવા માટે આ સાથે સામેલ નિયત્ત નમુના મુજબના પત્રકમાં આચાર્યશ્રીની સંપૂર્ણ માહિતી પત્રકમાં ભરી આચાર્યશ્રીનાં સહી સિક્કા સાથે **તા:૦૨/૧૨/૨૦૨૪ સુધી**માં આસિસ્ટન્ટ રજીસ્ટ્રાર, એકેડેમિક વિભાગનાં ઈમેઈલ આઈ-ડી. (arsoni@bknmu.edu.in) ઉપર તેમજ હાર્ડકોપીમાં મોકલી આપવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

**વધુમાં માહિતી મોકલતાં પૂર્વે નીચેની બાબતો ધ્યાને લેવા વિનંતી.**

1. આ સાથે પત્રક સામેલ છે. પત્રક મુજબની માહિતી તમામ સરકારી/અનુદાનિત/સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓએ યોગ્ય ચકાસણી કરી મોકલી આપવાની રહેશે.

- **કાયમી આચાર્યશ્રીની માહિતી દર્શાવતું પત્રક (TABLE - A)**

| |
|---|
| https://docs.google.com/spreadsheets/d/18TS6tdddVY7zBShWHwoJtcEtXz3sx-C7/edit?usp=sharing &ouid=107781152195557607219&rtpof=true&sd=true |

- **કાર્યકારી આચાર્યનાં કિસ્સામાં એટલે કે કાયમી આચાર્યની નિમણૂંક થયેલ ન હોય તેવા કિસ્સામાં માહિતી NIL ભરવાની રહેશે. NIL સાથેની માહિતી પણ અચૂકપણે મોકલી આપવાની રહેશે. (સ્વનિર્ભર કોલેજોનાં કિસ્સામાં કાયમી માન્યતા ધરાવતા હોય અને આચાર્યશ્રીનો ગ્રેડ મેળવતા હોય તેવા જ આચાર્યશ્રીની માહિતી દસ્તાવેજી આધાર/ યુનિવર્સિટીનો માન્યતા પત્ર સાથે મોકલવાની રહેશે.)**

2. સ્વનિર્ભર કોલેજોનાં શરતી માન્યતા ધરાવતા આચાર્યની માહિતી દર્શાવવી નહી, પત્રકમાં માહિતી નીલ દર્શાવવી અને અચૂકપણે મોકલી આપવી.
3. માહિતીની એક્સેલ ફાઈલ તેમજ PDF ફાઈલ બંને ઈમેઈલ ધ્વારા મોકલાવી જેથી એક્સેલ ફાઈલમાં નિમણૂંક વર્ષ બદલાઈ જવાના કિસ્સામાં યોગ્ય ખરાઈ કરી શકાય.

**ખાસ નોંધ: નીચેની વિગતે પ્રત્યેક કોલેજની એક ફાઈલમાં નીચે મુજબનાં દસ્તાવેજો સામેલ રાખી મોકલી આપવા.**

૧. **સામેલ એક્સેલ શીટમાં માહિતી ભરી તેની પ્રિન્ટઆઉટમાં આચાર્યશ્રીનાં સહી/સિક્કા કરી મોકલી આપવી તેમજ એક્સેલની સોફ્ટ કોપી ઉપરોક્ત દર્શાવેલ ઈમેઈલમાં મોકલી આપવી.**

૨. **સ્વનિર્ભર સંસ્થાના આચાર્યશ્રીએ કાયમી માન્યતા સાથે આચાર્યશ્રીનું પગાર ધોરણ મેળવતાં હોવાના દસ્તાવેજી આધાર (પગાર સ્લીપ) મોકલી આપવાના રહેશે. દસ્તાવેજી આધાર ન હોવાના કિસ્સામાં આચાર્યશ્રીની સિનીયોરીટીમાં તેમનો સમાવેશ કરી શકાશે નહિ જેની નોંધ લેવા વિનંતી.** ઉક્ત તમામ વિગતોની નિયત સમય-મર્યાદા (તા:૦૨/૧૨/૨૦૨૪) માહિતી મોકલી આપશો જેથી સુધારા-વધારા સાથેની સિનીયોરીટી યાદી પ્રકાશિત કરી શકાય.

Bhakta Kavi Narsinh Mehta University Junagadh.

ડૉ. ડી. એચ. સુખડીયા

**કા.કુલસચિવ**

ક્રમાંક : બીકેએનએમયુ/એકેડેમિક/૧૫૭૮/૨૦૨૪

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ, તા.૨૯/૧૧/૨૦૨૪

પ્રતિ,

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન તમામ સરકારી, અનુદાનિત કોલેજો તેમજ સ્વનિર્ભર કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ

**નકલ સાદર રવાના :**

૧. માનનીય કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી
૨. આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારુ.....